

# દહેગામના લવાડ ગામે રક્ષા શક્તિ યુનિ.ની જગ્યામાં ગ્રામજનો દ્વારા તોડફોડ કરાઈ



(તસવીર : હસમુખ આચાર્ય, દહેગામ)





ગાંધીનગર, તા. ૯
દહેગામ તાલુકામાં સ્થિત લવાડ ગામમાં રક્ષા શક્તિ યુનિવર્સિટીને ૨૩૫ એકર જમીન ફાળવવાના સરકારના નિર્ણય બાદ આજે ગ્રામજનો વિફર્યા હતા.

ગૌચર બચાવો અભિયાનના અભિગમ સાથે ગ્રામજનોએ આજે યુનિવર્સિટી કમ્પાઉન્ડમાં તોડફોડ કરી હતી અને પરેડ ગ્રાઉન્ડમાં સ્થિત ઓફિસને આગ ચાંપી હતી.

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના લવાડ ગામની ૨૩૫ એકર જમીન રક્ષા શક્તિ યુનિવર્સિટીને ફાળવી દેવાના વિરોધમાં લવાડ ગૌચર બચાવો ગ્રામ સ્વરાજ સમિતિ દ્વારા અનેકવાર રજૂઆતો કરવામાં આવી હતી. તેમ છતાં આ મામલે કોઈ યોગ્ય નિકાલ ન આવતા આજે ગુસ્સે ભરાયેલા લવાડ ગામના ગ્રામજનોએ પોતાના ઢોર ઢાંખર સાથે આવ્યા હતા અને ભારે તોડફોડ મચાવી અને પરેડ ગ્રાઉન્ડમાં આવેલી ઓફિસને આગ ચાંપી હતી. પોલીસે આ મામલે ઘટના સ્થળે આવી દરમિયાનગીરી કરી મામલો ઢાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ કોઈ યોગ્ય પરિણામ આવ્યું ન હતું. પોલીસે હાલ આ સમગ્ર મામલે ગુનો નોંધી પોતાની કાર્યવાહી હાથ ધરી છે.

## ગાંધીનગર સાર્વજનિક ગણેશોત્સવની ચાલી રહેલી તડામાર તૈયારીથી આનંદનો માહોલ

ગાંધીનગર, તા. ૯
ગાંધીનગરની સ્થાપનથી સે-૨૨નાં રંગમંચ પર આયોજિત થતો



સાર્વજનિક ગણેશ મહોત્સવ આ વર્ષએ એનો ૪૩મો ભવ્ય ગણેશોત્સવ ઉજવશે... સ્થાપના કાળથી ગણેશોત્સવ સમિતિનાં પ્રમુખ રહેલા સ્વ. વિનોદભાઈ જોષીનો કાર્યભાર હવે ગુજરાત કોંગ્રેસના મહામંત્રી નિશીત વ્યાસે સંભાળ્યો છે. આ વર્ષનાં કાર્યક્રમોની તૈયારીના ભાગરૂપે રવિવારે એક સામાન્ય સભાનું આયોજન થયું અને એમાં કાર્યક્રમની રૂપરેખા સહ નવાં વર્ષનાં કારોબારીની રચના થઈ.

ગણેશોત્સવનાં પ્રમુખ તરીકે નિશીત વ્યાસ, ઉપપ્રમુખ તરીકે પંડરીનાથ જગતાપ, અરૂણભાઈ બૂચ, પરેશભાઈ પટેલ, ધૈર્યસિંહ મોહિતે, લતાબેન ચોક્સી, હિરેન શાસ્ત્રી, મહામંત્રી તરીકે પ્રવિણ બાલપાંડે અને હિસાબ તપાસનીશ તરીકે હસમુખભાઈ ઠાકર તેમજ મીડિયા પ્રતિનિધી તરીકે સંજય થોરાતની સર્વાનુમતે વરણી કરવામાં આવી.

આ વખતનાં ગણપતિદાદાની મૂર્તિન્ સૌજન્ય - ભોપે, સે-૨૭ અને મહારાષ્ટ્ર સમાજનાં ગણપતિ શ્રી સંતોષ મૂળે તરફથી મળ્યું છે.

## માહિતી ખાતું રાઉન્ડ ધ ક્લોક ફરજ બજાવી ગાંધી ચિંધ્યા આંદોલનના માર્ગે

ગાંધીનગર, તા. ૯
સરકારના પ્રચાર પ્રસારની કામગીરી કરતાં માહિતી ખાતાના પડતર પ્રશ્નોનો ઉકેલ અનેક રજૂઆતો બાદ પણ ન આવતા આખરે માહિતી ખાતાના કર્મચારીઓએ આંદોલનનો માર્ગ અપનાવ્યો છે. આજે ગાંધીનગર સહિત તમામ જિલ્લાની માહિતી કચેરીઓના કર્મચારીઓએ રાઉન્ડ ધ ક્લોક એટલેકે ૨૪ કલાક ફરજ બજાવી ગાંધી ચિંધ્યા માર્ગે પોતાની રજૂઆત ઉચ્ચસ્તર સુધી પહોંચાડી હતી.

સરકાર સાથે સીધી જ રીતે સંકળાયેલા માહિતી ખાતાના કર્મચારીઓના કેટલાક પ્રશ્નો વર્ષોથી વણઉકેલ્યા છે. અધિકારીઓની ઘણી જગ્યાઓ ખાલી હોવા છતાં લાયકાત ધરાવતા કર્મચારીઓને બઢતી અપાતી નથી. આ ઉપરાંત પણ ઘણાં એવા પ્રશ્નો છે જે વર્ષોથી ઉકેલાતા નથી. માહિતી ખાતાના કર્મચારીઓએ આ બાબતે અનેકવાર ઉચ્ચ સ્તરે રજૂઆતો કરી છે. ખાતરીઓ મળવા છતાં પ્રશ્નોનો ઉકેલ ન આવતા આખરે માહિતીખાતાના કર્મચારીઓએ આંદોલનનો માર્ગ અપનાવ્યો છે. છેલ્લા ઘણાં દિવસોથી આ આંદોલન ચાલી રહ્યું છે. વર્ક ટુ રૂલ, પેન ડાઉન જેવા કાર્યક્રમો બાદ આજે કર્મચારીઓએ રાઉન્ડ ધ ક્લોક ૨૪ કલાક ડ્યુટી બજાવી પોતાનો વિરોધ પ્રદર્શિત કર્યો હતો અને પોતાની રજૂઆત ફરી એકવાર ઉચ્ચસ્તર સુધી પહોંચાડી હતી.

# ગાંધીનગરના ડો. રાજકુમારી પારવાણી આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ મેળવી માતા-પિતા અને પતિને ગૌરવ અપાવી રહ્યાં છે

'સત્યનું બળ કોઈ પણ પડકાર ઝિલવા માટે તમને સક્ષમ બનાવે છે. અન્યાય સામે લડત આપો પરંતુ સામેની વ્યક્તિને નુકશઆન પહોંચાડયા વગર સત્યના આધારે, સત્યની તાકાતથી ન્યાય મેળવો. મહાત્મા ગાંધીના આ ભીષ્મ જીવનમંત્રએ ઘણાં લોકોનાં જીવન ઉજાગર કર્યા છે. અને અગણત મનુષ્યનાં દિલમાં સત્યની જયોત પ્રગટાવી છે. તો વળી, કેટલાય માનવો ગાંધીજીના અમણોલ વિચારોને આત્માના મંદિરમાં સ્થાપિત કરી જીવન જીવી રહ્યા છે. અહીં એવી જ એક વ્યક્તિની વાત કરવી છે - જેનું મગજ વિજ્ઞાન સાથે સંકળાયેલું છે. અને મન ઈશ્વરાત્મા તથા સત્યના પ્રકાશપુંજમાં સમાયેલું છે. વાત છે - ગાંધીનગર સરકારી વિજ્ઞાન કૉલેજમાં આસિસ્ટન્ટ પ્રૉફેસર રાજકુમારી પારવાણી અને તેમનાં વનસ્પતિશાસ્ત્ર પર લખેલ સ્વલિખિત પુસ્તકની - જે પરદેશમાં પ્રકાશિત થયું છે.'

રાજકુમારીનો જન્મ ઈ.સ. ૧૯૭૪ માં ૧૪ ફેબ્રુઆરીના રોજ ગાંધીનગરમાં થયો હતો. પિતા સી.એમ. લીલાણી અને માતા લક્ષ્મી લીલાણીએ દીકરીને જન્મની ખુશાલીમાં જલેબીને બદલે પેંડા વહેંચેલા કારણ કે રાજકુમારીજી પહેલાં ખોળાનું પ્રથમ સંતાન હતી. દીકરી કરતાં પણ વિશેષ હતી. માવતરની આંખનું કાજળ હતી. પરિવાર માટે તુલસીનો કયારો હતી. સાચે જ માવતરે રાજકુમારીને રાજકુંવરીની જેમ સુખના સમુંદરમાં ઉછેરી છે સંસ્કારોના અમૃતજળથી માવતરે જ દીકરીનું સિંચન કર્યું છે. બાળપણથી જ રાજકુમારીમાં સર્જકતાના લક્ષણો ખીલવા લાગ્યાં હતા. સંગીતકલામાં તેમની રૂચિ વિશેષ હતી. શિક્ષળકાળ દરમિયાન દરેક પ્રવૃત્તિમાં તેઓ રસથી ભાગ લેતાં અને ઉમંગ-ઉત્સાહમાં તરબોળ થઈ સફળ નીવડતાં. કયારેક નાની - નાની સફળતાઓ મનુષ્યમાં મોટી સફળતાઓની આશા જગાડે અને આખરે એવું જ બન્યું.

સમયનો ધસમસતો પ્રવાહ વહેતો હતો. સમયની સાથે - સાથે રાજકુમારીનું જીવન કેટલાક કડવા મીઠા અનુભવોથી ઘડાવા લાગ્યું. જિંદગીમાં શું કરવું તે નક્કી ન્હોતું પણ કંઈક સિધ્ધ કરીને બતાવવું છે તે ચોક્કસ હતું.

એચ.એસ.સી. પાસ કર્યા પછી તેમણે વિજ્ઞાનની બાયોલોજી શાખામાં એડમિશન લીધું. લક્ષ્યની પાર બંધાઈ ચૂકી હતી. પણ જિંદગી કેટલા ત્રિભેટે રંગ લાવશે એની તેને કયાં ખબર હતી.

મેડમ ક્યુરીની જેમ તેઓ કૉલેજમાં વિષયમાં એકાગ્રતાપૂર્વક સંપૂર્ણ મન પરોવીને અભ્યાસ કરવા લાગ્યાં. અને કૉલેજકાળ દરમિયાન દરેક વર્ષમાં તેઓ ટોપર્સ રહ્યાં. કેટલાંક ઈનામો અને એવોર્ડથી એમની તેજસ્વીતાનું સન્માન થયું.

રાજકુમારીની સફળતા પાછળ એમનાં મા-બાપનો ફાળો વિશેષત્તમ રહ્યો છે. છતાં હૈયે પથ્થર મુકી માવતરે દીકરીને પારકી થાપણ કરવી જ પડે છે. અને એ કપરી ક્ષણોની શરણાઈના સૂર એમનાં ઘર આંગણે રેલાવા લાગ્યા. તે સાથે જ કચ્છ નિવાસી પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવતા કમલેશ પારવાણી સાથે રાજકુમારીએ પ્રભુતાના પગલાં માંડ્યાં. સુલભ



**સંબંધ સજાવે જિંદગી**
**થેન્ક્યૂ મમ્મી-પપ્પા**
- જનક પટેલ
gsrelation@yahoo.com

સંસારની પરિક્રમા શરૂ થઈ. શ્રીમતીજીનાં હસબન્ડ કમલેશ પારવાણી પણ બ્રિલીયન્ટ છે. આઈ.સી.આઈ.સી.આઈ. બેન્કનાં ઊંચા હોદ્દા પર ફરજ બજાવે છે. મિસિસ રાજકુમારીએ લગ્નબાદ પતિનાં પ્રોત્સાહનથી કૉલેજનો અધુરો અભ્યાસ પૂર્ણ કર્યો. અને પી.એચ.ડી. શરૂ કર્યું. એમની અંદર રહેલી સર્જકની બહુમુખી પ્રતિભા દિન-પ્રતિદિન તેજ બનતી ગઈ. કારણ કે મનુષ્યના આત્મામાં જ સમગ્ર વિશ્વનું અનંત પુસ્તકાલય છૂપાયેલું હોય છે. તીવ્ર ઈચ્છા, દૃઢ મનોબળ અને ઈશ્વરમાં રહેલી આત્મશ્રધ્ધા સાથે રાજકુમારીએ પીએચ.ડી. પૂર્ણ કર્યું. એમનું રીસર્ચ પેપર ઈ.સ. ૨૦૧૧માં જર્મનીના બર્લીનમાં યોજાયે ઓગણસમી બાયોમાસ યુરોપીયન કૉન્ફરન્સમાં પ્રસ્તુત થયું. જેનો સમગ્ર ખર્ચ દિલ્હીની યુ.જી.સી. સંસ્થા દ્વારા સ્પોન્સર કરવામાં આવ્યો હતો. રાજકુમારીનું કલ્પના બહારનું ખ્વાબ આજે સાકાર થયું હતું. ચહેરા પર ખુશીની રેખાઓ લહેરાઈ રહીહતી. બર્લીનમાં યોજાયેલી પરિષદમાં હાજરી આપી દસ દિવસ બાદ તેઓ ભારત પરત ફર્યા. ત્યારબાદ યુરોપીયન કૉન્ફન્સની પ્રોસીડીન્ગસમાં તે રીચર્ચ પેપર પ્રકાશિત થયું.

તેમનાં સંશોધનોને આધારે એક બુક તૈયાર થઈ અને તે પુસ્તક યુરોપમાં પ્રકાશિત થયું. વર્ષ ૨૦૧૨ માં યુ.એસ.એ. માં તેનું પ્રિન્ટીંગ થયેલું. રાજકુમારીના જીવનને ચાર ચાંદ લાગી ગયા. શિક્ષણજગત અને વિજ્ઞાનપ્રેમીઓ તરફથી મિસિસ કુમારીને અઢળક શુભેચ્છાઓ મળી અને પુસ્તકે પણ દોમદોમ લોકપ્રિયતા મેળવી છે. યુ.કે., યુ.એસ.એ., ફ્રાન્સ, જર્મની, સ્વીડન, ડેન્માર્ક, ઈટલી, જાપાન જેવા દેશોમાં ફેમસ બુક સ્ટોર પર શ્રીમતીજીનું પુસ્તક હાલમાં ઉપલબ્ધ છે. જે ગુજરાતની જનતા માટે ગૌરવ લેવા જેવી વાત છે. તદ્ઉપરાંત દુનિયાભરની મેજર વેબસાઈટો પર રાજકુમારીના પુસ્તક વિશેની માહિતી મેળવી શકાય છે.

મિસિસ પારવાણી જીવનની કિતાબને ખુલ્લી મુકી - ચહેરા પરનું મધુર હાસ્ય રેલાવ્યાં કહે છે કે, 'સ્ત્રી ઘરની ચાર દિવાલ વચ્ચેની કઠપૂતળી નથી પણ દરેક ક્ષેત્રમાં નામના મેળવવા માટે સક્ષમ છે. સ્ત્રી એક સાથે ઘણા બધા કામ કરી શકે છે. વફાદાર પત્ની, જવાબદાર માતા અને સંસ્કારી દુહિતાની ભૂમિકા ભજવવાની સાથે સાથે પોતાના ક્ષેત્રમાં પણ કાર્યરત રહે છે. કોઈ પણ ક્ષેત્ર નાનું નથી. દરેક ક્ષેત્રની વિશાળતા અનંત છે. એમ માનીને આપમે ગમતાં ક્ષેત્રમાં ડગ્યા વિના અતૂટ આત્મશ્રધ્ધા સાથે આગળ વધતા રહેવું જોઈએ. દુનિયા મશ્કરી કરે કે ઉપેક્ષા, તિરસ્કાર કરે કે ધૃણા - તેની ચિંતાની માળા ફેરવ્યા વિના કર્તવ્યની કેડી પર અડગ વામન પગલાં માંડવાં જોઈએ.'

સ્વલિખિત પુસ્તકનું બાઈન્ડીંગ જયારે મારાં હાથમાં આવ્યું ત્યારે મારી આંખના ખુણા ભીના થઈ ગયા. હું એ ક્ષણોની ખુશી વર્ણવી શકતી નથી. મેં પરમાત્મા પાસેથી કશી આશા નહોતી સેવી પણ ઈશ્વરે મને ઘણું બધું આપ્યું છે. મને શ્રી પ્રમુખ સ્વામી મહારાજ અને પરવર દિગારમાં અપાર શ્રધ્ધા છે. માર હડબન્ડે હું પ્રગતિ કરું અને સારું ભણું તે માટે મને ઘણી પ્રૉત્સાહિત કરી છે. માતાપિતાએ દુઃખની છાયાનો અહેસાસ થવા દીધો નથી. બાવીસ વર્ષની ઉંમરે જયારે મારા લગ્ન લેવાયાં ત્યારે મને એમ હતું કે હવે, હું કદાચ! આગળ અભ્યાસ નહીં કરી શકું કારણ કે એક પત્નીની ફરજ મારે પહેલાં નીભાવવાની હતી. પણ હું મારો અધૂરો અભ્યાસ પૂર્ણ કરું તે માટે કલમેશે તમામ સવલતો પૂરી પાડી. અભ્યાસ માટે સંપૂર્ણ સ્વતંત્રતા બક્ષી. એટલે એક વાત હું ચોક્કસ કહીશ કે સાસરિયું એ પિયરીયું મારી જિંદગીમાં પ્રોત્સાહન બળ છે અને હસબન્ડ પ્રેરણાબળ છે. જયારે મેં. પીએચ.ડી. જોઈન્ટ કર્યું ત્યારે મારી આંખનું રતન સમી દીકરી અનુષ્કા ચાર વર્ષની હતી. હું મારી દીકરીને અંબરથી વિશાળ પ્રેમ કરું છું. બાકી, પ્રથમ હું માતા છું, પછી કેરિયર વુમન. માટે પહેલાં હું મારી દીકરીના ઘડતર વિશે વિચારીશ અને પછી માર કેરિયર વિશે. ઘણીવાર રીસર્ચ વર્ક માટે ઈન્દ્રોડા પાર્ક જતી ત્યારે અનુષ્કાને મારી નજર સમક્ષ રાખીને હું સાથે - સાથે રીસર્ચનું કામ કરતી. જિંદગીનાં એ ચાર વર્ષમાં મેં ખૂબ જ સ્ટ્રગલ કર્યો અને કામ નિષ્ઠાથી પૂર્ણ કર્યું. જેનું પરિણામ આજે મારી નજર સમક્ષ છે. જે મને ક્ષણે ક્ષણે ખુશી મહેસૂસ કરાવે છે. કંઈક નવું કાર્ય કરવા માટે પ્રેરે છે. હું ખુબ જ ખુશ છું. જીવન પ્રત્યે મને કશો રંજ નથી.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૪
સૂર્યાસ્ત : ૭.૧૮

### તાપમાન

મહત્તમ : ૩૧.૨ ડિ.સે.
લઘુત્તમ : ૨૫.૨ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૯૨ ટકા ● સાંજે ૬૮ ટકા

### મનોરંજન

**સિટી પલ્સ**

: સ્ક્રીન-૧ :
જીસ્મ-૨ : ૧૨.૦૦, ૨.૩૦, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
જીસ્મ-૨ : ૧૦.૦૦
ગેંગ ઓફ વાસેપુર -૨ : ૧.૦૦, ૪.૦૦, ૬.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
કોકટેલ : ૧૨.૦૦
બોલ બચ્ચન : ૨.૪૫
ટોટલ રીકલ (હિન્દી) : ૫.૩૦
કયા સુપર કુલ હૈ હમ : ૭.૪૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૪ :
ગેંગ ઓફ વાસેપુર- ૨ : ૧૧.૦૦
કયા સુપર કુલ હૈ હમ : ૨.૦૦, ૪.૩૦
કૉકટેલ : ૭.૧૫
બોલ બચ્ચન : ૧૦.૦૦

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :
કયા સુપર કુલ હૈ હમ : ૧૦.૪૫, ૧૦.૧૫
કેવી રીતે જઈશ(ગુજરાતી): ૧.૪૫, ૭.૩૦
ગેંગ ઓફ વાસેપુર -૨ : ૪.૩૦
: સ્ક્રીન-૨ :
જીસ્મ-૨ : ૧૦.૦૦, ૪.૦૦, ૯.૪૫
ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૧.૦૦
કયા સુપર કુલ હૈ હમ : ૭.૦૦
: સ્ક્રીન-૩ :
ગેંગ ઓફ વાસેપુર -૨ : ૯.૧૫, ૧૨.૧૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
ગેંગ ઓફ વાસેપુર -૨ : ૧૦.૪૫, ૨.૦૦, ૫.૧૫, ૮.૩૦

**સૂર્યા, વાવોલ**

દેવા એક રક્ષક : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
કુળદેવી મારી ચામુંડા : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**ટાઉન હોલ**

- ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા રાત્રે ૯.૩૦ કલાકે, નાટક 'ડીયર ફાધર'

**ધાર્મિક**

- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા જશોદાબા જાની, પ્લોટ નં. ૪૮, વિરાટનગર, ખાતે શિવ મહિમ્ન સ્તોત્રમ્ પાઠ અને સ્તુતિ વંદના રાત્રે ૯.૦૦ કલાકે યોજાશે.
- શ્રી રામજી, મંદિર શ્રીરામ ધામ વાવોલ ખાતે શ્રાવણ માસ નિમિતે સવારથી જન્માષ્ટમી ધામધૂમ પૂર્વક યોજાશે.

### આપની આજ

**મેષ** : આપે વ્યર્થના ભ્રમમાં ન રહેતા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા અવશ્ય પ્રાપ્ત થશે. કુટુંબમાં કલેહનું વાતાવરણ ઉભું ન થાય તેની કાળજી રાખવી. દિવસ આનંદમય રીતે પસાર થશે.

**વૃષભ** : વ્યાપાર- વ્યવસાય કે રોજગારમાં સમય પર નિર્ણય ન લેવાથી હાનિ થવાની સંભાવનાઓ છે. પ્રસન્નતા અને આશાજનક વાતાવરણને કારણે પ્રયાસ સાર્થક થશે.

**મિથુન** : આપની નવી યોજનાઓનું આયોજન થશે. જેનો લાભ ભવિષ્યમાં પ્રાપ્ત થશે. પ્રયત્નો ચાલુ રાખવા. કુટુંબમાં સામંજસ્ય બન્યું રહેશે. ભૌતિક સુખ-સુવિધામાં વધારો થઈ શકે છે.

**કર્ક** : તમારા કાર્યોની સમાજમાં માન-સન્માન અને પ્રસંશામાં વધારો થશે. સ્થાયી સંપત્તિની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવનાઓ રહેલી છે. વાંચવા લખવાનાં કાર્યોમાં રુચિ જાગૃત થશે.

**સિંહ** : વેપાર- રોજગારમાં સમસ્યાઓ ઊભી હોવા છતાં આપના કાર્યો પૂર્ણ થઈ શકશે. આર્થિક લાભનાં સ્ત્રોતથી સંબંધી સમસ્યાઓ છતાં કાર્ય થશે. ધાર્મિક-આધ્યાત્મિક કાર્યમાં સમય પસાર થશે .

**કન્યા** : કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન આજે પ્રાપ્ત થઈ શકે છે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે. વેપાર-ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક મળશે.

**તુલા** : આપનો પ્રભાવ વધવાથી શત્રુઓ પર વિજય પ્રાપ્ત થશે. પ્રયત્નોનો ફળ તુરંત પ્રાપ્ત થઈ શકશે. દુસ્સાહસ ન કરવું. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થશે.

**વૃશ્ચિક** : તમારા અટવાયેલા કાર્યો સમય પર પૂરા કરી શકશો. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થઈ શકશે. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવી શકે છે.

**ધન** : આજે ધન પ્રાપ્તિ થવાની સંભાવનાઓ છે. સંચિત ધનમાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે. ધર્મના ક્ષેત્રમાં વિશેષ રુચિ જાગૃત થશે.

**મકર** : સ્થાયી મિલકતની ખરીદી-વેચાણ થઈ શકે છે. જૂના કાર્યોનું પરિણામ આજે પ્રાપ્ત થઈ શકે છે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**કુંભ** : વરિષ્ઠ વ્યક્તિઓ અને નીતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવાઓ છે. શાસનથી વિશેષ લાભ. કર્મક્ષેત્રમાં વિશેષ ઉપલબ્ધિ અને નવા કાર્યો થઈ શકશે.

**મીન** : વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદો વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા-પ્રવાસ થવાની સંભાવનાઓ છે. કલાક્ષેત્રે જોડાયેલ વ્યક્તિઓને લાભ પ્રાપ્ત થશે.

### ચિરવિદાય

- સ્વ. દેવરાજભાઈ રેવાભાઈ ઓડ(ઉ.વ.૮૪) મુ.પો. દોલારાણા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. મોતીજી છગનજી ઠાકોર(ઉ.વ.૬૦) મુ.પો. મગોડી, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. નવીનભાઈ કાન્તિલાલ ડબગર(ઉ.વ.૬૦) પ્લોટ નં. ૨૯૪/૧,સેકટર-૨/બી, ગાંધીનગર.